

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 110
Dt.: 30-12-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ !

# ભારતે ૭૯,૦૦૦ કરોડના સંરક્ષણ સોદાને આપી મંજૂરી

## રાજનાથ સિંહની અધ્યક્ષતામાં પ્રસ્તાવને મંજૂરી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીન અને પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ જવાની છે, કારણ કે, કેન્દ્ર સરકારે ભૂમિસેના, નૌસેના અને વાયુસેનાને વધુ અત્યાધુનિક બનાવવા માટે ૭૯૦૦૦ કરોડના હથિયારો અને સિસ્ટમો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય ભારતની સૈન્ય તૈયારીઓના ભાગ રૂપે ખૂબ જ મહત્ત્વનો મનાઈ રહ્યો છે. પ્રસ્તાવ મુજબ, થલસેના માટે અત્યાધુનિક હથિયારો અને ડ્રોન વિરોધી સિસ્ટમ ખરીદવામાં આવશે. ભારતની ત્રણેય સેનાઓ માટે નવા શસ્ત્રો અને સાધનોની ખરીદી અંગે નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા 'રક્ષા અધિગ્રહણ પરિષદે' અનેક મહત્ત્વના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

થલસેના માટે શું ખરીદવામાં આવશે?

પ્રસ્તાવ મુજબ, ભારતીય થલસેના માટે 'લોઈટર મ્યુનિશન સિસ્ટમ' ખરીદાશે. આનાથી દુશ્મનના મહત્ત્વના ઠેકાણાઓ પર સરળતાથી હુમલો કરી શકાશે. આ ઉપરાંત 'લો-લેવલ લાઈટ વેટ રડાર' ખરીદવાની પણ મંજૂરી મળી ગઈ છે. આ રડારથી સરહદ પર ઉડતા કોઈપણ નાનાથી લઈને મોટા ડ્રોનને સરળતાથી શોધી શકાશે અને તેનો નાશ કરી શકાશે. એટલું જ નહીં તેનાથી ડ્રોનને ટ્રેક પણ કરી શકાશે. ભારતનું સ્વદેશી પિનાક રૉકેટ લોન્ચર માટે 'લૉન્ગ રેન્જ ગાઈડેડ રૉકેટ' તૈયાર કરવામાં આવશે. આનાથી તેની રેન્જ વધવાની સાથે ચોકસાઈ પણ વધશે. આનાથી છેક દૂર રહેલા દુશ્મનના ઠેકાણાને સરળતાથી ટાર્ગેટ કરી શકાશે. ડીલમાં ઈન્ટિગ્રેટેડ ડ્રોન ડિટેક્શન એન્ડ ઈન્ટરડિક્શન સિસ્ટમ **Mk-II**નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ દુશ્મનોના ડ્રોનને સરળતાથી ઓળખી તેનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.

નૌસેના માટે શું ખરીદવામાં આવશે?

આ સંરક્ષણ સોદાના કારણે નૌસેનાની તાકાતમાં પણ વધુ વધારો થશે. નૌસેના માટે બોલાર્ડ પુલ ટગ્સ ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટગ્સ શક્તિશાળી નાનું જહાજ હોય છે અને તે મોટા જહાજોને મદદ કરે છે. ગમે તેટલું મોટું જહાજ હોય તેને ખસેડવામાં ટગ્સ ખૂબ જ ઉપયોગી છે. ટગ્સ મોટા જહાજને સુરક્ષિત રીતે અન્યત્ર ખસેડવામાં ક્ષમતા ધરાવે છે. યુદ્ધ વખતે 'હાઈ ફ્રીક્વન્સી સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયો' એટલે કે સંદેશાવ્યવહાર માટેની આ સિસ્ટમ ખૂબ જ મહત્ત્વની હોય છે. જો કોઈ ડેટા કે અવાજ સુરક્ષિત મોકલવો હોય તો તેનો ઉપયોગ થાય છે. આનાથી છેક દૂર સુધી સંદેશ મોકલી શકાય છે.ડીલમાં **HALE** ડ્રોનનો પણ ઉલ્લેખ છે. આ ડ્રોન ખૂબ જ ઊંચાઈ પર ૨૪ કલાકથી વધુ સમય સુધી સતત ઉડી શકે છે. આ ડ્રોનમાં હિંદમહાસાગરમાં સતત દેખરેખ રાખવાની, ગુપ્ત માહિતી આપવાની અને દરિયાઈ સુરક્ષા મજબૂત કરવાની ક્ષમતા છે.

વાયુસેના માટે શું ખરીદવમાં આવશે?

સંરક્ષણ ડીલ હેઠળ ભારતીય વાયુસેનાને અત્યાધુનિક 'ઓટોમેટિક ટેક-ઑફ અને લેન્ડિંગ રૅકોર્ડિંગ સિસ્ટમ'થી સજ્જ કરવામાં આવશે. આ સિસ્ટમ દરેક ઉડાનની હાઈ-ડેફિનેશન રૅકોર્ડિંગ કરે છે. જો કોઈ દુર્ઘટના બને અથવા ટેકનિકલ ખામી આવે, તો આ રૅકોર્ડિંગ દ્વારા ચોક્કસ કારણ જાણી શકાય છે અને ભવિષ્યમાં સુરક્ષા વધારી



શકાય છે. તે દરેક ઋતુમાં કામ કરવા માટે સક્ષમ છે. વાયુસેનાને **Astra Mk-2** મિસાઈલ પણ આપવામાં આવશે. આ મિસાઈલ છેક દૂર દેખાતાં દુશ્મનના વિમાનનો તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય બોમ્બને સ્માર્ટ બોમ્બમાં ફેરવી શકતી ગાઈડેન્સ કીટ **SPICE-1000** પણ વાયુસેનાને મળશે. આ કિટ લગાવ્યા બાદ બોમ્બ જીપીએસ અને લેઝર ગાઈડન્સની મદદથી દુશ્મનના ચોક્કસ ઠેકાણા પર પડે છે.

### અરવલ્લી પર્વતમાળા પર સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# સુપ્રીમ કોર્ટે નવેમ્બરના પોતાના જ નિર્ણય ઉપર લગાવ્યો સ્ટે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અરવલ્લી ગિરીમાળામાં ખનન સંબંધિત મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો લેતા આજે સુનાવણી હાથ ધરાઈ. ચીફ જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વમાં જસ્ટિસ જે કે માહેશ્વરી અને એજી મસીહ સહિત ત્રણ જજની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી. બેન્ચે સુનાવણી દરમિયાન નવેમ્બરમાં પોતાના દ્વારા જ અપાયેલા એક આદેશ પર હાલ રોક લગાવી છે. કારણ કે કેટલાક સામાજિક કાર્યકરો અને વૈજ્ઞાનિકોનો એવો આરોપ હતો કે આ નિર્ણયથી નાજુક ઈકોસિસ્ટમના વિશાળ એવા વિસ્તારોમાં ખનનની મંજૂરી મળી શકે છે. આ સાથે જ સર્વે અને રિસર્ચ માટે એક નવી કમિટી બનાવવાની પણ વાત કરવામાં આવી છે.



## ચીફ જસ્ટિસે કહ્યું કે અરવલ્લી પહાડો સંલગ્ન રિપોર્ટ કે કોર્ટના જૂના આદેશને લાગૂ કરતા પહેલા એક નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે

ચીફ જસ્ટિસે કહ્યું કે અરવલ્લી પહાડો સંલગ્ન રિપોર્ટ કે કોર્ટના જૂના આદેશને લાગૂ કરતા પહેલા એક નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે. જેથી કરીને કેટલાક મહત્વના સવાલોના જવાબ મળી શકે.

- શું અરવલ્લીની વ્યાખ્યાને ફક્ત ૫૦૦ મીટર સુધી મર્યાદિત કરવું ખોટું છે? એટલે કે તેના સંરક્ષણવાળો વિસ્તાર નાનો તો નથી થઈ રહ્યો?

- શું આ વ્યાખ્યાથી અરવલ્લીના બહારના વિસ્તારોમાં ખનન (માઈનિંગ)નો દાયરો વધી ગયો છે?

- વચ્ચે વચ્ચે જે ખાલી જગ્યા (ગેપ) છે ત્યાં ખનની મંજૂરી આપવામાં આવે કે નહીં? દાખલા ત રીકે જો બે સંરક્ષિત વિસ્તાર છે અને તેમની વચ્ચે ૭૦૦ મીટરનો ગેપ છે તો તે ગેપનું શું થશે?

- પર્યાવરણની નિરંતરતા કેવી રીતે બચાવવામાં આવે? એટલે કે જંગલ, પહાડ અને જીવ જંતુઓનું કુદરતી સંતુલન કેવી રીતે જળવાય?

- જો નિયમોમાં કોઈ મોટી ખામી મળી ઓ તો શું આખી અરવલ્લીની ગિરીમાળાને બચાવવા માટે ફરીથી ઊંડાણપૂર્વક રિસર્ચ જરૂર પડશે?

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ભ્રમ દૂર કરવાની વાત કરી છે. આ ઉપરાંત રાજ્ય સરકારોને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. કોર્ટે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન સહિત અન્ય રાજ્યોને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે.

ચીફ જસ્ટિસે સુનાવણી દરમિયાન કહ્યું કે કોર્ટની કેટલીક ટિપ્પણીઓને ખોટી રીતે રજૂ કરાઈ રહી છે. જેના પર સ્પષ્ટતા જરૂરી છે. તેમણે કહ્યું કે ૨૦ નવેમ્બરના આદેશને લાગૂ કરતા પહેલા એક નિષ્પક્ષ અને ઠોસ રિપોર્ટ જરૂરી છે. તેમણે અરવલ્લી પહાડીઓ અને રેન્જની વ્યાખ્યા, ૫૦૦ મીટરથી વધુ અંતરની સ્થિતિ, માઈનિંગ પર રોક કે મંજૂર અને તેના દાયરાને લઈને ગંભીર અસ્પષ્ટતાઓને ઉકેલવા પર ભાર મૂક્યો. આ સાથે કોર્ટે સ્પષ્ટ કર્યું કે અરવલ્લીની પહાડીઓ સંલગ્ન ૨૦ નવેમ્બરના આદેશને આગામી સુનાવણી સુધી લાગૂ કરી શકાશે નહીં. કોર્ટે આ મામલે આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નક્કી કરી છે. ત્યાં સુધી યથાસ્થિતિ જળવાઈ રહેશે અને તમામ પહેલુઓ પર વિસ્તૃત રીતે વિચાર કરાશે.

### ચીને યુદ્ધાભ્યાસમાં તમામ સેનાઓને સામેલ કરી

# ચીને તાઈવાને ઘેરીને જમીનથી આકાશ સુધી શક્તિ પ્રદર્શન કરતા તણાવ વધ્યો

### ચીને તાઈવાનની આસપાસના ટાપુ પરના મુખ્ય સ્થળોને કબજે લેવા અને નાકાબંધી કરવા માટે સૈન્ય કવાયત હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તાઈવાન

ચીને તાઈવાને ઘેરીને જમીનથી આકાશ સુધી શક્તિ પ્રદર્શન કરતા તણાવ વધ્યો છે. ચીને સૈન્ય ગતિવિધિઓ શરૂ કરીને સંકેત આપ્યો છે કે, તે તેને નિશાન બનાવી શકે છે. ચીને તાઈવાનની આસપાસના ટાપુ પરના મુખ્ય સ્થળોને કબજે લેવા અને નાકાબંધી કરવા માટે સૈન્ય કવાયત હાથ ધરી છે. ચીન સેનાએ કહ્યું કે, અમે તાઈવાનની આસપાસના વિસ્તારોમાં લશ્કરી અભ્યાસ કરવા માટે સેના, નૌસેના અને વાયુસેના અને રૉકેટ ફોર્સ મોકલી છે. આ દરમિયાન લાઈવ ફાયર યુદ્ધાભ્યાસ પણ કરવામાં આવશે. ચીને આ યુદ્ધાભ્યાસનું નામ 'જસ્ટિસ મિશન ૨૦૨૫' હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જ અમેરિકાએ તાઈવાન સાથે ૧૧ બિલિયન ડૉલરની ડીલ કરીને મોટા હથિયારો આપવાની જાહેરાત કરી હતી, જેના થોડા દિવસ બાદ ચીને આ યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. અમેરિકાની જાહેરાત બાદ ચીન ગુસ્સે થયું છે અને તેણે અમેરિકન સંરક્ષણ ફર્મો પર પ્રતિબંધ ઝિંકી દીધો છે.

છેલ્લા ઘણા વર્ષોથી ચીન સાથે સરહદ વિવાદ થતાં તાઈવાને આ વર્ષની શરૂઆતમાં સંરક્ષણ બજેટ વધારવાની કવાયત શરૂ કરી દીધી છે. ચીન તાઈવાનની આસપાસના ટાપુને પોતાનો વિસ્તાર માને છે.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, યુદ્ધાભ્યાસમાં ચાઈના કોસ્ટ ગાર્ડ મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યું છે. ચોંકાવનારી વાત એ છે કે, કોસ્ટ ગાર્ડે 'તાઈવાન જલડમરુમધ્યમાં પેટ્રોલિંગ અને નિયંત્રણ' નામનું એક પોસ્ટ પણ જાહેર કર્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે વિવાદ વધ્યો છે. પોસ્ટ પરથી લાગી રહ્યું છે કે, ચીન તાઈવાન સાથેના વિવાદાસ્પદ વિસ્તારમાં પેટ્રોલિંગ અને નિયંત્રણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોસ્ટરમાં કોસ્ટ ગાર્ડના અનેક જહાજો ચાર દિશા ઉત્તર-દક્ષિણ-પશ્ચિમ-પૂર્વ આગળ વધીને તાઈવાન તરફ જતા દેખાડાયા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, પોસ્ટરમાં તાઈવાન ટાપુના પૂર્વ ભાગને નાકાબંધી કરતા અનેક જહાજો દેખાડવામાં આવ્યા છે. ચીને તાઈવાનની ચારેતરફ એમ્ફીબિયસ ફોર્સ તહેનાત કરી છે, જેમાં લાઈવ-ફાયર યુદ્ધાભ્યાસ અને બ્લૉકેડ જેવો અભ્યાસ પણ શરૂ કરી દેવાયા છે. ચીનની સેનાએ એક પોસ્ટમાં લખ્યું છે કે, 'આઝાદીનું ષડયંત્ર રચનારા તમામ લોકો આ ઢાલનો સામનો કરતી વખતે ખતમ થઈ જશે.' રિપોર્ટ મુજબ ચીને યુદ્ધાભ્યાસ શરૂ કરી દીધો છે અને તેઓ મંગળવારે મોટો યુદ્ધાભ્યાસ કરશે. તાઈવાન મીડિયાના રિપોર્ટ મુજબ, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી **(PLA)**ના મહત્ત્વના સૈન્ય વિભાગ ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે યુદ્ધાભ્યાસની જાહેરાત કર્યા બાદ તાઈવાન એલર્ટ થઈ ગયું છે. તાઈવાને તેની તમામ સેનાઓને હાઈએલર્ટ પર રહેવા આદેશ આપ્યો છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, આ યુદ્ધાભ્યાસ એક આક્રમણ કરવાની રણનીતિ હોઈ શકે છે, જોકે તે શક્તિ પ્રદર્શન જેવું વધારે લાગી રહ્યું છે. બીજીતરફ તાઈવાનના રાષ્ટ્રપતિ ભવન દ્વારા ચીનના યુદ્ધાભ્યાસની ટીકા કરવામાં આવી છે અને તેને આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

# અમેરિકાના ન્યૂજર્સીમાં હવામાં બે હેલિકોપ્ટર વચ્ચે ટક્કર, એક પાઈલટનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના ન્યૂ જર્સીમાં બે હેલિકોપ્ટર વચ્ચે હવામાં ભયાનક ટક્કર થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે આ દુર્ઘટનામાં એક પાઈલટનું મોત થયું છે, જ્યારે અન્ય એક પાઈલટ ગંભીર રીતે ઘાયલ થયો છે. આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને તેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.રિપોર્ટ મુજબ, આ ઘટના એટલાન્ટિક કાઉન્ટીના હેમોન્ટન મ્યુનિસિપલ એરપોર્ટ પર સ્થાનિક સમય મુજબ સવારે લગભગ 11:25 વાગ્યે બની હતી. હેમોન્ટનના પોલીસ વડા કેવિન ફિલે જણાવ્યું કે એરપોર્ટ પાસે વિમાન દુર્ઘટનાના સમાચાર મળતા જ ઈમરજન્સી ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. સદભાગ્યે હેલિકોપ્ટરમાં ફક્ત પાઈલટ જ હાજર હતા ઘટનાસ્થળના વીડિયોમાં એક હેલિકોપ્ટર જમીન પર પડતા પહેલા હવામાં ઝડપથી ગોળ-ગોળ ફરતું જોવા મળ્યું હતું. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, એક હેલિકોપ્ટરમાં આગ પણ લાગી ગઈ હતી, જેને ફાયર વિભાગની ટીમે કાબૂમાં લીધી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું કે આ ટક્કર એનસ્ટ્રોમ F-28A અને એનસ્ટ્રોમ 280C હેલિકોપ્ટર વચ્ચે થઈ હતી. દુર્ઘટના સમયે બંને વિમાનમાં માત્ર પાઈલટ જ સવાર હતા.

અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે એક પાઈલટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બીજા પાઈલટને ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

હાલમાં પીડિતોની ઓળખ અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.FAA અને NTSB (નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ)ના પૂર્વ તપાસકર્તા એલન ડીલે જણાવ્યું કે તપાસકર્તાઓ સૌ પ્રથમ એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરશે કે શું ટક્કર પહેલા બંને પાઈલટ એકબીજાને જોઈ શક્યા હતા કે કેમ. ડીલે કહ્યું, "હવામાં થતી મોટાભાગની ટક્કર 'જોવા અને બચવા' ના સિદ્ધાંતમાં નિષ્ફળ રહેવાને કારણે થાય છે.

દેખીતી રીતે, તેઓ બંને વિમાનના કોકપિટમાંથી બહારના દ્રશ્યોની તપાસ કરશે અને જોશે કે શું કોઈ પાઈલટ બીજાના બ્લાઈન્ડ સ્પોટમાંથી આવી રહ્યો હતો કે કેમ."

# નવા વર્ષ પહેલા દેશભરના મંદિરોમાં ભક્તોનો મહેરામણ, VIP દર્શન બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વર્ષ ૨૦૨૫ના અંતની ઘડીઓ વાગી રહી છે. ૨૦૨૬ની શરુઆત પહેલા મોટી સંખ્યામાં લોકો વિવિધ યાત્રાધામોમાં દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. એવામાં હજુ તો પહેલી જાન્યુઆરીએ લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે. ત્યારે ઉજ્જૈન, વૈષ્ણોદેવી અને બાંકે બિહારી મંદિર સહિતના યાત્રાધામોમાં મોટા નિર્ણય લેવાયા છે.

કાશી વિશ્વનાથ : વારાણસીના કાશી વિશ્વનાથ ધામ, ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર, મથુરાના બાંકે બિહારી મંદિરમાં આજથી જ ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરમાં ૨૭ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી VIP દર્શન પર રોક લગાવવામાં આવી છે. ગર્ભગૃહ માત્ર પૂજારીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

તિરુપતિ બાલાજી : આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં ૩૦ ડિસેમ્બરથી પહેલી જાન્યુઆરી સુધી જેમણે ઍડ્વાન્સ બુકિંગ કરાવ્યું હોય તેમને જ દર્શન કરવા મળશે. જેટલા ટોકન આપવાના હતા તે અપાઈ ગયા છે અને કાઉન્ટર પણ બંધ કરી દેવાયા છે.

અયોધ્યા : અયોધ્યામાં મોટા ભાગની હોટલ અને ધર્મશાળાઓનું બુકિંગ થઈ ગયું છે. પહેલી જાન્યુઆરી સુધીના તમામ ટોકન (પાસ) વેચાઈ ગયા છે.

શિરડી : મહારાષ્ટ્રના શિરડી સાંઈ બાબા મંદિરમાં ૩૧ ડિસેમ્બરે આખી રાતે ભક્તો બાબાના દર્શન કરી શકશે. બાબાના દર્શન માટે એક સોનાની બારી રાખવામાં આવી છે. જ્યાંથી ભક્તો બાબાના મુખ દર્શન કરી શકશે.

વૈષ્ણોદેવી : વૈષ્ણોદેવી મંદિરમાં ૩૧ ડિસેમ્બર અને પહેલી જાન્યુઆરીએ RFID કાર્ડ હોય તેવા ભક્તોને જ દર્શનની અનુમતિ રહેશે. કાર્ડ મળે તેના ૧૦ કલાકમાં યાત્રા શરુ કરવી પડશે અને ૨૪ કલાકની અંદર પાછા નીચે આવી જવું પડશે.

મથુરા : મથુરાના બાંકે બિહારી મંદિરે એડવાઈઝરી જાહેર કરી ભક્તોને ૫ જાન્યુઆરી સુધી વૃંદાવન ન આવવા અપીલ કરી છે. મંદિરે કહ્યું છે કે ભારે ભીડની શક્યતાને જોતાં હોય તો ૫ જાન્યુઆરી સુધી વૃંદાવનની યાત્રા ન કરશો.



# તંત્રી લેખ......

## દેશભરમાં શીતલહેર

દેશભરમાં હાલ હાડ થીજવતી ઠંડી અને શીતલહેરનો પ્રકોપ યથાવત્ છે. પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષા અને તાપમાનમાં મોટા ઘટાડાને કારણે મેદાની વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે. સોમવારે સવારે દેશની રાજધાની દિલ્હીમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, જેના કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને માત્ર ૫૦ મીટર રહી ગઈ હતી, જેની સીધી અસર ફ્લાઈટ કામગીરી પર પડી છે. ઉત્તર ભારત ધુમ્મસની ચાદરમાં લપેટાયું ઉત્તર પ્રદેશ અને પંજાબમાં કડકડતી ઠંડીએ લોકોને ધ્રુજાવી દીધા છે. યુપીના આગ્રા, મેરઠ અને ગોરખપુર સહિત ૩૭ જિલ્લાઓમાં હવામાન વિભાગે અત્યંત ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે, તેમજ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. પંજાબના એસબીએસ નગરમાં લઘુતમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે અમૃતસર, લુધિયાણા અને પટિયાલામાં પણ પારો પથી ૬ ડિગ્રીની વચ્ચે રહ્યો હતો. હરિયાણાના રેવાડીમાં વિઝિબિલિટી એટલી ઓછી હતી કે ૧૦-૧૫ મીટર દૂર જોવું પણ મુશ્કેલ બન્યું હતું.

ઝારખંડ અને બિહારમાં સ્થિતિ ગંભીર ઝારખંડના પ્રવાસન સ્થળ મેક્લુસ્કીગંજમાં રવિવારે પારો ગગડીને ૦.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તાર શીતલહેરની ઝપેટમાં આવી ગયો છે. બિહારમાં પણ પટના સહિત ૨૫ જિલ્લાઓમાં 'કોલ્ડ ડે' જેવી સ્થિતિ સર્જાઈ છે.

જહાનાબાદ, ગયા અને બક્સર જેવા વિસ્તારોમાં ભીષણ ઠંડીને કારણે લોકો ઘરમાં કેદ રહેવા મજબૂર બન્યા છે. રાજસ્થાનના પણ મોટાભાગના શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં નોંધાયું છે.

# ભાવનગર મંડળના સ્ટેશન અધીક્ષક શ્રી દીપક કુમાર ગુપ્તા બે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો- રાષ્ટ્રપતિ પદક (વિશિષ્ટ સેવા) અને કેન્દ્રીય ગૃહ મંત્રી કાર્યક્ષમતા પદકથી સન્માનિત







પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં હાલમાં સ્ટેશન અધીક્ષક (ભાવનગર ટર્મિનસ) તરીકે કાર્યરત શ્રી દીપક કુમાર ગુપ્તાને તેમની ઉત્તમ સેવા, કર્તવ્યનિષ્ઠા અને વ્યાવસાયિક ઉત્કૃષ્ટતા બદલ દેશના બે અતિ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સુરક્ષા અને જનસેવાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમને રાષ્ટ્રપતિ પદક (વિશિષ્ટ સેવા) તેમજ કેન્દ્રીય ગૃહ મંત્રી કાર્યક્ષમતા પદક (તપાસમાં ઉત્કૃષ્ટતા) એનાયત કરવામાં આવ્યા છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપી કે આ પુરસ્કારો ૨૬ અને ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં સુષમા સ્વરાજ ભવન ખાતે આયોજિત ભવ્ય અલંકાર સમારંભ દરમિયાન આપવામાં આવ્યા હતા. આ પદકો માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા, માનનીય ગૃહ રાજ્ય મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ તથા વિવિધ કેન્દ્રીય સુરક્ષા અને તપાસ એજન્સીઓના ગણમાન્ય પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રદાન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ શ્રી ગુપ્તાને અભિનંદન પાઠવ્યા અને તેમના ઉત્કૃષ્ટ કાર્યની પ્રશંસા કરી, સાથે ભવિષ્યમાં પણ એ જ સમર્પણ સાથે કાર્ય કરતા રહેવા પ્રોત્સાહિત કર્યા.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)માં પોતાના કાર્યકાળ દરમિયાન શ્રી દીપક કુમાર ગુપ્તાએ અનેક સંવેદનશીલ તથા રાષ્ટ્રીય મહત્વના ઉચ્ચ-પ્રોફાઈલ કેસોની તપાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમાં પુલવામા આતંકી હુમલો, જમ્મુ-કાશ્મીરમાં આતંકી ફંડિંગ સંબંધિત કેસો, ક્રોસ-બોર્ડર એલઓસી ટ્રેડ, ક્રિપ્ટોકરન્સી દ્વારા આતંકી નાણાંકીય સહાય, આઈએસઆઈએસ સાથે જોડાયેલા વિવિધ મોડ્યુલ, પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) કેસ, એક ઉચ્ચ-પ્રોફાઈલ હત્યા કેસ તેમજ મુંબઈ બ્લાસ્ટ કેસનો સમાવેશ થાય છે.

આ તમામ કેસોમાં તેમના અસાધારણ યોગદાન અને કર્તવ્યનિષ્ઠા બદલ તેમને રાષ્ટ્રપતિ પદક (વિશિષ્ટ સેવા)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

એનઆઈએના એક મુખ્ય કેસમાં દેશભરના ઉચ્ચ શિક્ષિત યુવાનો દ્વારા એક જ દિવસે અનેક શ્રેણીબદ્ધ વિસ્ફોટોની સાજિશ રચાઈ હતી, જેમાં આતંકી ફંડિંગ અનેક દેશોમાંથી ક્રિપ્ટોકરન્સી દ્વારા કરવામાં આવી રહી હતી. આ કેસમાં છ આતંકવાદીઓની ધરપકડ, તમામ આરોપીઓ સામે આરોપપત્ર દાખલ કરાવવું અને પાંચ આરોપીઓને માનનીય ન્યાયાલય દ્વારા દોષિત ઠેરવવામાં શ્રી ગુપ્તાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહી હતી. સાયબર, નાણાંકીય તથા ક્રિપ્ટોકરન્સી તપાસમાં તેમની ઉત્કૃષ્ટ કુશળતા અને ઉચ્ચ દબાણની પરિસ્થિતિઓમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન બદલ તેમને કેન્દ્રીય ગૃહ મંત્રી કાર્યક્ષમતા પદક (તપાસમાં ઉત્કૃષ્ટતા) એનાયત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, રાષ્ટ્રીય તપાસ એજન્સીમાં પોતાની સેવાઓ દરમિયાન શ્રી ગુપ્તાને કેન્દ્રીય ગૃહ મંત્રી સ્પેશિયલ ઓપરેશન પદક, મહાનિર્દેશક (NIA)ની પ્રશસ્તિ યાદી, તેમજ અનેક પ્રમાણપત્રો, પ્રશંસા પત્રો અને નકદ ઈનામો પણ પ્રાપ્ત થયા છે. ભારતીય રેલવેમાં પોતાના પૂર્વ કાર્યકાળ દરમિયાન પણ તેમને વિવિધ પ્રશાસનિક સ્તરે અનેક વખત સન્માનિત કરવામાં આવ્યા છે, જેમાં ડીઆરએમ સ્તરે ત્રણ, એસડિજીએમ સ્તરે એક તથા જીએમ સ્તરે બે પુરસ્કારોનો સમાવેશ થાય છે.

વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક શ્રી સી. આર. ગરુડાએ જણાવ્યું કે શ્રી દીપક કુમાર ગુપ્તાનું વ્યાવસાયિક આચરણ ઈમાનદારી, સાહસ અને રાષ્ટ્ર પ્રત્યેની ઊંડી જવાબદારીની ભાવનાનું પ્રતિક છે. હાલમાં ભારતીય રેલવેમાં સેવાઓ આપતા હોવા છતાં તેઓ શિસ્ત, જવાબદારી અને જનસેવાના મૂલ્યોને સતત જાળવી રાખે છે. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો દ્વારા મળેલું તેમનું સન્માન માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિઓની ઓળખ નથી, પરંતુ તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે સમર્પણ અને ઉત્કૃષ્ટતા સાથે રાષ્ટ્રસેવા કરવાની પ્રેરણા પણ છે.

### થાઈલેન્ડ અને કમ્બોડિયા સીઝફાયર મુદ્દે ટ્રમ્પનું નિવેદન

## 'અમેરિકા જ અસલ સંયુક્ત રાષ્ટ્ર': ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ-પૂર્વ એશિયાના બે દેશો, થાઈલેન્ડ અને કમ્બોડિયા વચ્ચે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને અટકાવવામાં સફળતા મળી હોવાનો દાવો કર્યો છે. પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક નિવેદન જારી કરીને ટ્રમ્પે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેની દુશ્મનાવટ હવે અસ્થાયી રૂપે બંધ થઈ જશે અને તેઓ શાંતિના માર્ગે પાછા ફરશે. આ સાથે જ તેમણે સંયુક્ત રાષ્ટ્ર (UN)ની અસરકારકતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બંને દેશોના નેતાઓએ તાજેતરમાં સંમત થયેલી મૂળભૂત સંધિ અનુસાર સંઘર્ષ વિરામનો નિર્ણય લીધો છે. બંને દેશોના નેતાઓએ આ વિવાદને ઝડપથી અને ન્યાયી રીતે ઉકેલવામાં દૂરંદેશી દર્શાવી છે. યુનાઈટેડ સ્ટેટ્સને આ પ્રક્રિયામાં મદદ કરવા બદલ ગર્વ છે. આ ઉપરાંત તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આવા વૈશ્વિક સંજોગોમાં ઝડપી અને નિર્ણાયક નિર્ણયો લેવા ખૂબ જ જરૂરી છે, જે અમેરિકાએ કરી બતાવ્યું છે.સંયુક્ત રાષ્ટ્ર (UN) પર આકરા પ્રહારો કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'છેલ્લા અગિયાર મહિનામાં અમેરિકાએ આઠ જેટલા સંઘર્ષો ઉકેલવામાં કે અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.'ટ્રમ્પના મતે યુએસ હવે "વાસ્તવિક સંયુક્ત રાષ્ટ્ર" તરીકે કાર્ય કરી રહ્યું છે, જ્યારે અસલ સંયુક્ત રાષ્ટ્રે આ સંઘર્ષોમાં બહુ ઓછી સહાય કે સમર્થન આપ્યું છે. રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષને "વર્તમાન આપત્તિ" ગણાવતા કહ્યું કે આ મામલે પણ સંયુક્ત રાષ્ટ્રની ભૂમિકા તદ્દન બિનઅસરકારક રહી છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે માંગ કરી છે કે સંયુક્ત રાષ્ટ્ર હવે માત્ર વાતો કરવાને બદલે વધુ સક્રિય બને અને વૈશ્વિક શાંતિમાં નક્કર ભૂમિકા ભજવે. તેમણે દાવો કર્યો કે, વિશ્વમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે ેંદ્ર એ આગળ આવીને અસરકારક હસ્તક્ષેપ કરવો જોઈએ. ટ્રમ્પના આ નિવેદન સૂચવે છે કે તેઓ આગામી સમયમાં અમેરિકાની વિદેશ નીતિને વધુ આક્રમક બનાવવા માંગે છે અને આંતરરાષ્ટ્રીય સંગઠનો પર નિર્ભર રહેવાને બદલે સીધી મધ્યસ્થી કરવામાં માને છે. થાઈલેન્ડ અને કમ્બોડિયા વચ્ચેના સીઝફાયરને તેઓ પોતાની મોટી રાજદ્વારી જીત તરીકે જોઈ રહ્યા છે.

### પશ્ચિમ રેલવેની ઐતિહાસિક સિદ્ધિ

## વડોદરા મંડળના બાજવા—અમદાવાદ સેકશન પર સ્વદેશી "કવચ ૪.૦" પ્રણાલીની સફળતાપૂર્વક કમિશનિંગ






પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા રેલ સંચાલનમાં સંરક્ષાને વધુ મજબૂત બનાવવાના ક્રમમાં ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ૯૬ કિલોમીટર લાંબા બાજવા—અમદાવાદ સેકશન પર કવચ ૪.૦ સિસ્ટમને સફળતાપૂર્વક કમિશન કરવામાં આવી. વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન હેઠળ વડોદરા મંડળના સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગે આ મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. કવચથી સજ્જ પ્રથમ ટ્રેન ૫૯૫૪૯/૫૯૫૫૦ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વડોદરા થી અમદાવાદ માટે રવાના થઈ હતી. જેના લોકોમોટિવમાં વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તથા વરિષ્ઠ અધિકારીઓએ મુસાફરી કરી અને આ સ્વદેશી "કવચ" પ્રણાલીનું અવલોકન કર્યું. પ્રથમ ટ્રેન શત પ્રતિશત ઓપરેશનલ ઉપલબ્ધતા સાથે ચાલી અને આ રીતે બાજવા—અમદાવાદ સેકશન પર સ્વદેશી "કવચ ૪.૦" પ્રણાલીની સફળ કમિશનિંગ કરવામાં આવી. વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ આ અવસરે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના આત્મનિર્ભર ભારતના વિઝનને માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રેલવેમાં ટેકનોલોજીના ક્ષેત્રે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. કવચ એ સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ છે, જે સિગ્નલ પાસ એટ ડેન્જર (SPAD)ની રોકથામ સાથે- સાથે ઓટોમેટિક સ્પીડ કંટ્રોલ અને સામ-સામે અને પાછળથી થતી અથડામણોથી સુરક્ષા જેવી સુવિધાઓ પૂરી પાડે છે. આ ટ્રેક પર RFID ટેગ્સ તથા ટ્રેક, સિગ્નલ અને લોકોમોટિવ વચ્ચે સંચાર માટે અલ્ટ્રા-હાઈ રેડિયો ફ્રીક્વન્સી (UHF) નો ઉપયોગ કરે છે, જેના કારણે કેબિનમાં લોકો પાયલટોને રિયલ-ટાઈમ માહિતી મળે છે અને તે સુરક્ષિત અને વધુ કુશળ મુસાફરી માટે એક સચેત રક્ષક તરીકે કાર્ય કરે છે.૯૬ કિલોમીટર લાંબા બાજવા—અમદાવાદ ખંડ પર સ્વદેશી સ્વચાલિત ટ્રેન સુરક્ષા (ATP) પ્રણાલી 'કવચ' અંતર્ગત ૧૭ સ્ટેશનો આવરી લેવાયા છે, ૨૩ ટાવરો સ્થાપિત કરવામાં આવ્યા છે અને ૧૯૨ કિલોમીટર ઓપ્ટિકલ ફાઈબર કેબલ બિછાવવામાં આવી છે. NMS ડિવિઝન ઓફિસ, પ્રતાપનગર અને અમદાવાદમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ સેકશનમાં પ્રણાલી કમિશન હોવાથી સંરક્ષામાં વધારાની સાથે-સાથે ઉચ્ચ ગતિએ પણ સુરક્ષિત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થશે.

### દરેક ને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ

## ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આદરજ મોટી—વિજાપુર રેલ ખંડ પર સ્પીડ ટ્રાયલ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આદરજ મોટી—વિજાપુર રેલ ખંડ (૩૯.૭૫ કિમી)નું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ખંડ હવે મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ આધુનિક, સુરક્ષિત અને કાર્યક્ષમ રેલ સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ ખંડનું સુરક્ષા નિરીક્ષણ (સેફ્ટી ઈન્સ્પેક્શન) રેલ સુરક્ષા કમિશનર (CRS), પશ્ચિમ સર્કલ દ્વારા ૨૯ અને ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કરવામાં આવી રહ્યું છે.

આદરજ મોટી—વિજાપુર સેકશનમાં નવી પરિવર્તિત બ્રોડ ગેજ રેલવે લાઈન પર તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૨૦ કિમી પ્રતિ કલાકની ગતિએ સ્પીડ ટ્રાયલ કરવામાં આવશે. આમ જનતા, મજૂરો, ખેડૂતો અને સ્થાનિક નિવાસીઓને વિશેષ વિનંતી છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ પરિસ્થિતિમાં ટ્રેક પાર ન કરે તથા બાળકો અને પશુઓને રેલ લાઈનથી દૂર રાખે.

આ રેલ ખંડમાં કુલ ૦૧ મેજર બ્રિજ, ૪૪ માઈનર બ્રિજ અને ૩૫ રોડ અંડર બ્રિજ (RUB)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ રેલ ખંડમાં આદરજ મોટી, રાંધેજા, ઉનાવા—વાસન, મકાખડ, લોદરા અને વિજાપુર સ્ટેશનો સામેલ છે. ગેજ પરિવર્તન બાદ ટ્રેનોના સંચાલનમાં સંરક્ષા, સમયપાલન અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે. આ માર્ગ દ્વારા યાત્રીઓને દેશના મુખ્ય રેલવે સ્ટેશનો અને મોટા શહેરો સાથે સીધી બ્રોડ ગેજ કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

આદરજ મોટી હાલ એક વર્તમાન દ્વિ-ગેજ જંકશન સ્ટેશન છે, જ્યાંથી આદરજ મોટી—ગાંધીનગર—અમદાવાદ(બ્રોડ ગેજ)અને આદરજ મોટી—કડી—કટોસણ (બ્રોડ ગેજ) લાઈનો જોડાયેલી છે. ગેજ પરિવર્તન પહેલાં આદરજ મોટી—વિજાપુર એક અલગ મીટર ગેજ ખંડ હતો, જે હવે બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ એકીકૃત રેલ નેટવર્કનો ભાગ બની ગયો છે. આ ગેજ પરિવર્તન પ્રોજેક્ટથી આદરજ મોટી—વિજાપુર વચ્ચે એકીકૃત બ્રોડ ગેજ રેલ પ્રણાલી ઉપલબ્ધ થશે. તેના પરિણામે વિસ્તારમાં રોજગારના નવા અવસર સર્જાશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણને અનુકૂળ, ટકાઉ અને ઝડપી રેલ સંપર્ક સુનિશ્ચિત થશે. સુધારેલી પરિવહન સુવિધાઓથી દૈનિક મુસાફરો, પ્રવાસીઓ અને વ્યાપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે, જેના કારણે પ્રદેશીય આર્થિક એકીકરણ વધુ મજબૂત બનશે.

## ગુજરાત ભીંડાના ઉત્પાદનમાં દેશભરમાં અગ્રેસર: ૨૦૨૪-૨૫માં સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં ૧૪,૦૦૦ હેક્ટરમાં લગભગ ૧.૫ લાખ ટન ભીંડાનું ઉત્પાદન થયું

પ્રગતિશીલ નીતિઓ, આધુનિક ખેતી પદ્ધતિઓ અને ખેડૂતોની સક્રિય ભાગીદારીના પરિણામે ગુજરાતનું બાગાયતી ક્ષેત્ર રાજ્યના કૃષિ વિકાસનું શક્તિશાળી એન્જિન બની રહ્યું છે. આ સકારાત્મક ગતિ રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ-સૌરાષ્ટ્ર ૨૦૨૬ પૂર્વે રાજ્ય માટે ઉત્સાહજનક પૃષ્ઠભૂમિ ઊભી કરે છે, જ્યાં સૌરાષ્ટ્ર અને કચ્છની કૃષિ તથા બાગાયતી સિદ્ધિઓને વિશેષ રૂપે રજૂ કરવામાં આવશે.

ભીંડાના વાવેતર અને ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે

ગુજરાત સરકારના બાગાયતી નિયામકના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભીંડાના વાવેતર ક્ષેત્રફળ અને કુલ ઉત્પાદનમાં ગુજરાતે દેશભરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાજ્યમાં આશરે ૯૩,૯૫૫ હેક્ટર વિસ્તારમાં ભીંડાનું વાવેતર થતું હતું, જેના પરિણામે ૧૧.૬૮ લાખ ટન ઉત્પાદન નોંધાયું હતું. આ કુલ આંકડામાંથી સૌરાષ્ટ્ર—કચ્છ પ્રદેશનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. પ્રદેશ રાજ્યના કુલ ભીંડા વાવેતર વિસ્તારનો આશરે ૧૫ ટકા અને કુલ ઉત્પાદનનો લગભગ ૧૩ ટકા હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ જિલ્લાઓમાં ૧૪,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ભીંડાનું વાવેતર થયું હતું, જેમાંથી આશરે ૧.૫ લાખ ટન ઉત્પાદન પ્રાપ્ત થયું છે.

શાકભાજી ઉત્પાદનમાં રાજ્યનો નોંધપાત્ર ફાળો

વર્ષ ૨૦૨૪—૨૫ દરમિયાન ભારતના કુલ શાકભાજી ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭.૬૬ ટકા રહ્યો હતો. તે જ ગાળામાં, સૌરાષ્ટ્ર—કચ્છ પ્રદેશે ૨,૩૨,૫૮૪ હેક્ટર વિસ્તારમાં ખેતી કરીને ૪૭,૯૧,૫૦૪ મેટ્રિક ટન ઉત્પાદન હાંસલ કર્યું હતું. પ્રતિ હેક્ટર ૨૦.૬૦ મેટ્રિક ટનની ઉત્પાદકતા ખેડૂતોની વધતી કાર્યક્ષમતા, સુધારેલી ખેતી પદ્ધતિઓ અને મજબૂત કૃષિ માળખાનું પ્રતિબિંબ છે.

બાગાયતી પાકો: કૃષિ વિકાસનો આધારસ્તંભ

ઉચ્ચ ઉત્પાદકતા અને વધુ આવકના કારણે બાગાયતી પાકો રાજ્યના કૃષિ વિકાસમાં અભિન્ન અંગ બની ગયા છે.

રાજ્ય સરકારના સક્રિય પગલાં અને ખેડૂતમૈત્રી નીતિઓના પરિણામે, આજે બાગાયતી પાકો ગુજરાતના કુલ કૃષિ વિસ્તારના આશરે ૨૦ ટકા વિસ્તારમાં ઉગાડવામાં આવે છે, જે તેમના વધતા મહત્વને દર્શાવે છે.

કેન્દ્ર અને રાજ્ય યોજનાઓથી મજબૂત આધાર

ગુજરાતનો બાગાયતી વિભાગ MIDH/NHM (સંકલિત બાગાયતી વિકાસ માટેનું મિશન/ રાષ્ટ્રીય બાગાયતી મિશન) જેવી કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓ સાથે અનેક રાજ્યસ્તરીય પ્રોત્સાહન યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી રહ્યો છે.

આ યોજનાઓ હેઠળ વિસ્તાર આધારિત ક્લસ્ટર વિકાસ, સંરક્ષિત ખેતી, લણણી પછીની માળખાકીય સુવિધાઓ, કોલ્ડ-ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વચ્છ પ્લાન્ટ સામગ્રી પહેલ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

MIDH અંતર્ગત ખેડૂતો અને FPOને હાઈ-ટેક બાગાયતી, પોલીહાઉસ, પેકહાઉસ, ગ્રેડિંગ–પેકિંગ લાઈન, તાલીમ, બજાર જોડાણો અને પ્રદર્શન માટે સબસિડી પૂરી પાડવામાં આવે છે.

VGRC ૨૦૨૬: સૌરાષ્ટ્ર–કચ્છની સિદ્ધિઓનું મંચ

આ મજબૂત પ્રદર્શન એક મહત્વપૂર્ણ ક્ષણે આવ્યું છે જ્યારે ગુજરાત જાન્યુઆરી ૨૦૨૬ ના બીજા અઠવાડિયામાં રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ-સૌરાષ્ટ્રનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. કોન્ફરન્સની સાથે, વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન (VGRE) જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન તે જ સ્થળે યોજાશે. VGRC રાજ્ય સરકારની સંતુલિત પ્રાદેશિક વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરશે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સિદ્ધિઓ દર્શાવવા અને રોકાણ માટે નવા માર્ગો ખોલવા માટે એક સમર્પિત પ્લેટફોર્મ પ્રદાન કરશે. VGRC ૨૦૨૬ ભારત અને વિદેશના નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક નિષ્ણાતો, નવીનતાઓ અને હિસ્સેદારોને એકસાથે લાવશે. કેન્દ્રિત ક્ષેત્રીય સત્રો, પ્રદર્શનો અને સહયોગી મંચો દ્વારા, પરિષદ કૃષિ પ્રગતિ અને ટકાઉ વિકાસના આગામી તબક્કાનું નેતૃત્વ કરવા માટે સૌરાષ્ટ્ર અને કચ્છ કેવી રીતે સજ્જ છે તે પ્રકાશિત કરશે.

### રાવવી પડી સર્જરી; ફરાહ ખાને આપી હેલ્થ અપડેટ

## શૂટિંગ દરમિયાન દુર્ઘટનાનો શિકાર થયો સાજિદ ખાન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલિવૂડ ડાયરેક્ટર અને સલમાન ખાનના શો "બિગ બોસ"ના એક્સ કન્ટેસ્ટન્ટ સાજિદ ખાન એક દુર્ઘટાનો શિકાર બન્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાજિદ ખાન એક પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સાજિદ ખાનને પગમાં ઈજા પહોંચી છે અને તેનો પગ ફ્રેક્ચર થઈ ગયો છે. ફિલ્મ ડાયરેક્ટરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સાજિદની બહેન અને ડાયરેક્ટર-કોરિયોગ્રાફર ફરાહ ખાને પોતાના ભાઈનું હેલ્થ અપડેટ શેર કર્યું છે. સાજિદ ખાને ગત મહિને જ પોતાનો ૫૫મો બર્થડે સેલિબ્રેટ કર્યો હતો. તેની બહેન ફરાહ ખાન આ અવસર પર ખૂબ જ ખુશ હતી અને તેણે પોતાના ભાઈને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. જોકે, હવે તેણે સાજિદ અંગે ખરાબ સમાચાર આપ્યા છે. ફરાહ ખાને ખુદ સાજિદના અકસ્માતની પુષ્ટિ કરી છે. આ સાથે જ અકસ્માત બાદ શું-શું થયું અને હવે સાજિદની તબિયત કેવી છે તે પણ જણાવ્યું. સાજિદનો અકસ્માત શનિવારે થયો હતો અને રવિવારે તેની સર્જરી કરવામાં આવી હતી.

## કૃષિ તજજ્ઞતા માહિતી કેન્દ્ર ખાતે યોજાયેલા પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરતાં આચાર્ય દેવવ્રત





આણંદ કૃષિ યુનિવર્સિટીના ૨૨ પદવીદાન સમારંભમાં પ્રેરક ઉપસ્થિત રહેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આણંદ કૃષિ યુનિવર્સિટી તથા આત્માના સહયોગથી બોરસદ ચોકડી સ્થિત કૃષિ તજજ્ઞતા માહિતી કેન્દ્ર (એટીક) ના પ્રાંગણમાં પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરી પ્રાકૃતિક ખેત પેદાશોના વેંચાણ માટે આવેલા ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો.

આણંદવાસીઓને ઘરઆંગણે પ્રાકૃતિક ખેત પેદાશો ઉપલબ્ધ બની રહે તે માટે આણંદ કૃષિ યુનિવર્સિટી તથા આત્માના સહયોગથી એટીક ખાતે શુભારંભ કરવામાં આવેલા આ પ્રાકૃતિક ખેત પેદાશોના વેંચાણ કેન્દ્ર ઉપર પ્રત્યેક મંગળવારે બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો દ્વારા ગ્રાહકોને પ્રાકૃતિક કૃષિ આધારિત વિવિધ જણસો જેવી કે શાકભાજી, ફળ, કઠોળ અને અનાજનું સીધું વેચાણ કરવામાં આવશે.

'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર' ના ઉદ્ઘાટન પ્રસંગે વિવિધ તાલુકાઓના પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સોજીત્રા, ઉમરેઠ, પેટલાદ, આંકલાવ, આણંદ અને બોરસદ જેવા તાલુકાઓના ખેડૂતો પોતાના પ્રાકૃતિક ઉત્પાદનો જેવા કે વિવિધ શાકભાજી, કઠોળ, અનાજ (બાજરી, રાગી, ચોખા), હળદર, સરગવાનો પાઉડર અને ફળોના વેચાણ માટેના ૨૯ જેટલા પ્રાકૃતિક ખેતી આધારિત વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા, આ વેંચાણ કેન્દ્ર ખાતે પોતાની કૃષિ જણસોનું વેંચાણ કરવા આવેલા ધરતીપુત્રો સાથે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ આધારિત વિવિધ જણસો વિશે વિસ્તૃત જાણકારી મેળવી પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી તેમને થયેલા ફાયદાની જાત માહિતી મેળવી હતી.

આ પ્રસંગે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, જિલ્લા અગ્રણી સંજયભાઈ પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતી ડૉ. કે. બી. કથીરીયા, નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના કુલપતિ પદ્મશ્રી ડૉ. જે. એમ. વ્યાસ, જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી સહિત બાગાયત તથા કૃષિ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧.૪૦ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૫૪ લાખના ઊંચા મથાળે અથડાઈ ભાવમાં પીછેહટ

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૪ની તેજી: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૧૪૬૪.૫૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૯૮૪૨૬.૭૭ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૯૭૮૬.૩૯ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૨૯૧ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૭૦૯૯૦૬.૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૧૪૬૪.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૫૯૮૪૨૬.૭૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૫.૩૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.. કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૫૨૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૫૫૪.૬૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૯૭૮૬.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૮૦૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૦૪૪૪ અને નીચામાં રૂ.૧૩૭૬૪૬ના મથાળે અથડાઈ, રૂ.૧૩૯૮૭૩ના આગલા બંધ સામે રૂ.૧૮૧૫ ઘટી રૂ.૧૩૮૦૫૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૪ ઘટી રૂ.૧૧૦૯૯૧ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૧૩૮૪૧ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૨૩ ઘટી રૂ.૧૩૬૦૬૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭૬૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૯૮૩ અને નીચામાં રૂ.૧૩૫૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૩૭૬૦૫ના આગલા બંધ સામે રૂ.૧૩૩૯ ઘટી રૂ.૧૩૬૨૬૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૭૧૯૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૪૧૭૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૨૩૨૬૬૬ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૭૭૦ના આગલા બંધ સામે રૂ.૪૫૮૭ ઘટી રૂ.૨૩૫૨૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૫૫૫ ઘટી રૂ.૨૩૬૮૦૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૩૫૬૩ ઘટી રૂ.૨૩૬૮૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૮૭૮૭.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૨૧.૭ ઘટી રૂ.૧૨૩૭.૬ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૮.૫૫ ઘટી રૂ.૩૦૩.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૫.૭ ઘટી રૂ.૨૯૩.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૫ પૈસા ઘટી રૂ.૧૮૩.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૯૬૨.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૬૯ અને નીચામાં રૂ.૩૯૧૬ના સ્તરને સ્પર્શી, રૂ.૪૧ ઘટી રૂ.૩૯૩૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૧૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૫૩ અને નીચામાં રૂ.૫૧૭૦ના મથાળે અથડાઈ, રૂ.૫૧૮૨ના આગલા બંધ સામે રૂ.૬૪ વધી રૂ.૫૨૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૫૯ વધી રૂ.૫૨૪૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૧ ઘટી રૂ.૩૪૮.૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૩.૯ ઘટી રૂ.૩૪૮.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૭૮ના ભાવે ખૂલી, ૮૦ પૈસા ઘટી રૂ.૯૭૩.૫ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૫ના ભાવે ખૂલી, રૂ.૮૬ ઘટી રૂ.૨૫૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૯૬૮૨.૫૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૦૧૦૩.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૬૩૧૭.૯૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૭૩.૧૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૬૫.૨૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૩૦.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૨.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૧૯.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૩૦.૯૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૩૪૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૭૧૨૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૩૭૭૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૧૩૫૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૮૫૪૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૯૧૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૬૪૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૬૬૯૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૯૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૩૦૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૩૦૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૬૩૮૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૮૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૧૮૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૫૩ પોઈન્ટ ઘટી ૩૫૨૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૮ વધી રૂ.૧૬૭.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૨૯.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪૪.૫ ઘટી રૂ.૪૬૮ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૪૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૧૮ વધી રૂ.૧૧૭૩૬ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭.૪૫ વધી રૂ.૫૯.૫૨ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૩ ઘટી રૂ.૧૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૬ ઘટી રૂ.૧૨૬.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૩૦.૦૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭૭.૫ વધી રૂ.૧૧૯૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦૧ વધી રૂ.૩૬૫૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫.૭૬ વધી રૂ.૪૦.૩૪ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૯૧ વધી રૂ.૧૨ના ભાવે બોલાયો હતો.

## ઘરે બેસીને રૂપિયા કમાવવાની લાલચમાં વાસણાની મહિલાએ ૭૨ હજાર ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મીશો એપ ડાઉનલોડ કરી જુદા જુદા રિચાર્જ કરી આપવાના અને કંપની દ્વારા આપવામાં આવેલા ટાસ્ક પૂરા કરીને રોજના એક હજારથી ૧૦ હજાર રૂપિયા કમાવો એવી જાહેરાત જોઈ, જે તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઈન્ટરેસ્ટ બતાવી કામગીરી શરૂ કરનાર વાસણાની મહિલાએ ૭૨ હજાર રૂપિયા ગુમાવ્યા છે. માણેકચોકના સોનીની પત્નીએ જ્યારે જમા કરાવેલા રૂપિયા વિથડ્રો કરવા પ્રયાસ કર્યો ત્યારે ખબર પડી કે છેતરાઈ ગઈ છે. આ બાબતે સાઈબર ક્રાઈમ બ્રાંચે ફરિયાદ નોંધી વધુ તપાસ આદરી છે.વાસણા સ્પર્શ એરોનમાં રહેતા જય સોની માણેકચોકમાં સોના-ચાંદીની દુકાન ધરાવી જડતરનું કામ કરે છે. તેમની પત્ની ખ્યાતિબેનને તાજેતરમાં જ સંતાનને જન્મ આપ્યો હોવાથી તેઓ ઘરે છે. લગભગ ત્રણેક મહિના પહેલા ખ્યાતિબેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક રીલ જોઈ હતી, જેમાં મીશો એપ્લિકેશન માટે રિચાર્જ કરાવીને તથા આપેલા ટાસ્ક પૂરાં કરીને રોજના એક હજારથી ૧૦ હજાર રૂપિયા કમાઈ શકાશે તેવી વાત કરવામાં આવી હતી.આ રીલ જોઈને ખ્યાતિબેને પણ તેમાં રસ દાખવી સંપર્ક કર્યો હતો.

## ૫૧ નવી અત્યાધુનિક બસો અને ૨૮ બસસ્ટેશનોની મળશે ભેટ: ગુજરાત એસટી નિગમની છલાંગ: ૨૬૦ કરોડના ખર્ચે ૫૧ નવી અત્યાધુનિક બસો અને ૨૮ બસ સ્ટેશનોની મળશે ભેટ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર રાજયમાં જાહેર પરીવહન સેવાને વધુ સુદ્રઢ અને સુવિધા જનક બનાવવા જઈ રહી છે, આગામી ૭ દિવસ દરમિયાન રાજયભરમાં રૂપીયા ૨૬૦ કરોડના વિવિધ પ્રકલ્પોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત સંપન્ન થશે. જેનાથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે,




જનતાની સુખાકારીમાં વધારો કરવા માટે એસટી નિગમ દ્વારા ૫૧ નવી અત્યાધુનિક બસો કાર્યરત કરવામાં આવશે, આ બસો આધુનિક સુવિધાઓથી સજજ હશે, જે મુસાફરોને આરામદાયક અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ કરાવશે, વિવિધ રૂટો પર આ બસો શરૂ થવાથી મુસાફરોની સુવિધામાં વધારો થશે.

રાજયના વિવિધ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબુત કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે રાજય સરકાર છેવાડાના માનવી સુધી પરીવહન સેવા પહોચાડવા માટે કટીબધ્ધ છે.

જીએસઆરટીસી દ્વારા હાથ ધરવામાં આવેલ આ રૂપીયા ૨૬૦ કરોડના પ્રકલ્પો રાજયના શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેના જોડાણને વધુ મજબુત બનાવશે. આગામી એક અઠવાડીયા દરમિયાન વિવિધ જિલ્લાઓમાં સ્થાનિક જન પ્રતિનિધિઓના વરદ હસ્તે આ લોકાર્પણ અને ખાતમુહુર્તની વિધિઓ યોજાશે. આ કાર્યક્રમો દ્વારા એસટી નિગમ તેના નેટવર્કને વિસ્તારીને પ્રજા લક્ષી સેવામાં નવા આયામો સર કરશે.

## ઉર્જા મંત્રીના નિવેદનપર ઈસુદાન ગઢવીના વળતા પ્રહાર: સ્માર્ટ મીટર એ ભાજપ અને ગુજરાત સરકારનુ ષડયંત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉર્જામંત્રીના નિવેદન પર આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વળતો પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે ઉર્જા મંત્રીએ નિવેદન આપ્યુ છે કે ગમે તે કરી લો, સ્માર્ટ મીટર તો લગાડીને જ રહેશુ, અમને ખબર છે તમે કંપનીઓના દલાલો છો, પ્રજાનુ કયારેય વિચારતા નથી, તમે એવુ કહો છો કે ભ્રમણા ફેલાવે છે, પરંતુ એવા સેંકડો લોકો છે કે જેના બીલ વધારે આવ્યા છે,




અત્યારે બે મહિના વાપર્યા પછી લાઈટ બીલ ભરીએ છીએ, ૬ મહિના પછી તમે સ્માર્ટ મીટર લગાવીને કહેશો કે હવે એડવાન્સવાળુ પ્રિપેઈડ લેવુ પડશે, તો જ સ્માર્ટ મીટર ચાલશે, નહીતર લાઈટ જતી રહેશે, એવા કેટલાય પરીવારો છે કે જેની પાસે લાઈટ બીલ ભરવાના પૈસા પણ નથી. આ કરવા માટે તમે સત્તા પર આવ્યા છો ? જેની પાસે અગાઉથી જ મીટર છે તેના પ્રજાએ પૈસા ચુકવી દીધા છે અને હવે સ્માર્ટ મીટર લાવશો અને તેના પણ રૂપીયા લેશો ? તમે કંપનીઓ માટે કેટલી હદે નીચે જશો ? કંપનીઓએ તમારી સાથે શું ડીલ કરી છે તે ભગવાન જાણે, પરંતુ પ્રજા નથી ઈચ્છતી કે સ્માર્ટ મીટર લાગે, વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે હું જનતાને કહેવા માંગુ છુ કે એવો કોઈ પરીપત્ર નથી કે સ્માર્ટ મીટર ફરજીયાત લગાવવુ, તમારે ત્યાં ફરજીયાત લગાવતા હોય તો તમે તેનો વિરોધ કરી શકો છો કે આપણે સ્માર્ટ મીટર નહી લગાડવા દઈએ,

આમ આદમી પાર્ટીને જયાં પણ કહેશો ત્યાં સ્માર્ટ મીટરની લડાઈમાં તમારી સાથે રહીશુ, ઘણી જગ્યાએ સ્માર્ટ મીટર લગાડીને પછી ગ્રાહકોને કહેવામાં આવે છે કે તમારે ત્યાં સ્માર્ટ મીટર લાગી ગયા છે, જયારે ગ્રાહક કહે છે કે અમારે સ્માર્ટ મીટર નથી જોઈતા, ત્યારે કહે છે કે જુના મીટર અમારી પાસે નથી, આ ભાજપનુ અને ગુજરાત સરકારનુ ષડયંત્ર છે. આ માત્ર ગુજરાતમાં જ નહી આખા ભારતમાં એક કંપનીની દલાલી કરવામાં આવી રહી છે, સ્માર્ટ મીટર લગાવીને પછી એડવાન્સ લે એટલે હજારો કરોડો રૂપીયા આપણા ડીપોઝીટના લઈ લેશે, પછી પ્રિપેઈડ કરી નાખશે, પછી કઈ રીતે બીલ આવે છે તે આપણે સૌ જાણીએ છીએ, વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે પહેલા પરીપત્ર બહાર પાડો, પછી તમામ ભાજપના નેતાઓના ઘરે સ્માર્ટ મીટર લગાવો, કમલમમાં લગાવો અને પછી પ્રજા પાસે જાવ, એવુ નહી થાય, મેં સાંભળ્યુ છે કે હમણાં શહેરમાં આ કેમ્પેઈન ઓછુ કર્યુ છે, મહાનગરપાલિકાની અને નગરપાલિકાની અને જિલ્લા / તાલુકાની ચુંટણી પુરી થયા પછી આ કેમ્પેઈન શરૂ કરવાના છો ? હું ગુજરાતની જનતાને વિનંતી કરૂ છું કે આ કંપનીની દલાલીઓ કરે છે, સ્માર્ટ મીટર તમારે ન લગાડવુ હોય તો આ વખતે ભાજપને ભગાડો,

જો ભાજપ તાલુકા, જિલ્લા, નગરપાલિકા કે મહાનગરપાલિકામાં ચુંટણીમાં જીતશે એટલે બીજા દિવસે સ્માર્ટ મીટર તમારે ત્યાં લાવશે, પછી લુંટ ચલાવશે, પછી પ્રિપેઈડ લાવશે, પછી મોટા બીલ લાવશે, તો તમે કોને ફરીયાદ કરવા જશો ? આ ઉપરથી આવેલુ છે, એટલે આ ભાજપના નેતાઓની એટલી ઔકાત નથી કે સ્માર્ટ મીટર નહી લગાડીએ તેવુ કહી શકે, કારણ કે ઉપરથી કંપનીઓ અને નેતાઓની ડીલ થયેલી છે. આ લોકો ફરી તમારા પર સ્માર્ટ મીટર થોપશે, એટલે માત્ર એક જ ઈલાજ છે ભાજપને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં એકપણ માણસ મત નહી આપે તો સ્માર્ટ મીટર લાગશે નહી, જો ભાજપ કોઈપણ જ્ઞાતિ, જાતિ, ધર્મ સહિત ભોળવીને મત લઈ ગયા તો બીજા દિવસે સ્માર્ટ મીટર થોપવામાં આવશે, પછી ૬ મહિના પછી નવો કાયદો આવશે, પછી સ્માર્ટ મીટરના પણ તમારે રૂપીયા આપવા પડશે, તમને લુંટવામાં આવશે, હું સૌને અપીલ કરૂ છું કે જાગજો અને જયાં પણ સ્માર્ટ મીટર ન જોઈતુ હોય ત્યાં આમ આદમી પાર્ટીનો સંપર્ક કરજો, આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તમારી સાથે ઉભા છે.

## કોંગ્રેસની ધમકી : ભાજપની ચાપલુસી કરનારા કોઈને પણ આવનારા દિવસોમાં છોડવામાં નહી આવે

### કોંગ્રેસનો ગંભીર આક્ષેપ: ડભોઈના ધારાસભ્ય અને ચીફ ઓફીસર નગરપાલિકાની તીજોરી લુંટી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસની જનઆક્રોશ યાત્રા આજે આઠમા દિવસે ગોલા ગામડી ચોકડીથી શરૂ કરવામાં આવી હતી ત્યારબાદ બહાદુરપુરા, સંખેડા, ટીંબા, ભાટપુર, વાસણા ચોકડી, કલેડીયા ચોકડી, નસવાડી સીટી, વઘાસ ચોકડી, ભાખા, નળવા, ખરમડા, દેવત અને કર્વાટા સીટી માર્ગે જામલી તરફ આગળ વધી હતી. યાત્રા દરમિયાન રોડ રસ્તામાં સ્થાનિક નાગરીકોએ ઠેર ઠેર યાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતું.



આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે ભાજપની સરકાર જન આક્રોશ યાત્રામાં કોંગ્રેસને મળી રહેલા સમર્થનથી ડરી ગઈ છે. ગામે ગામ જે લોકો યાત્રાનુ સ્વાગત કરે છે તેમના નામ પોલીસ તંત્ર દ્વારા લખવામાં આવી રહ્યા છે. પરંતુ સરકારની ચાપલુસી કરનારા તમામ પોલીસકર્મી અને અધિકારીઓને કહેવુ છે કે સરકારો કાયમી રહેતી નથી. જો સરકારની ચાપલુસી કરવાનો શોખ હોય તો પટ્ટા ઉતારી દો, અને ભાજપના ખેસ પહેરીને પાર્ટીમાં જોડાઈ જાવો અને લડાઈ લડવા મેદાનમાં આવી જાઓ, પ્રજાના ટેક્ષના પૈસાથી પગાર લઈને ભાજપની ચાપલુસી કરનારા કોઈને પણ આવનારા દિવસોમાં છોડવામાં નહી આવે,

ડભોઈમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, ધારાસભ્ય અને ચીફ ઓફીસર ભેગા મળીને દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે, નગરપાલિકાના બજેટમાંથી અને સરકારની ગ્રાન્ટમાંથી ૨ કરોડ ૩૦ લાખના ખર્ચે ગાર્ડનનુ રીનોવેશન કરવામાં આવ્યુ છે જેમાં ગાર્ડનમાં કોઈપણ બ્રાન્ડ વગરના સાધનો લગાવવામાં આવ્યા છે, લોકાર્પણના ૭ દિવસમાં જ સાધનો તુટી ગયા અને વેલ્ડીંગ કરવુ પડયુ, પરીસ્થિતિ જોતા સ્પષ્ટ જણાય છે કે ૨ કરોડ ૩૦ લાખનો વાસ્તવિક ખર્ચ થયો નથી અને મોટા પ્રમાણમાં પૈસા ખવાઈ ગયા છે. વધુમાં ચીફ ઓફીસરની બદલી થઈ હોવા છતાં તેમને છુટા કરવામાં નથી આવતા કારણ કે ભાજપના ધારાસભ્ય અને નેતાઓ તેમને વ્હાલા છે, કારણ કે બધા ભેગા મળીને ભ્રષ્ટાચાર કરે છે. છોટા ઉદેપુર જિલ્લામાં રોડ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે જયાં જુઓ ત્યાં રોડ રસ્તામાં ખાડા છે, ખાડામાં રસ્તો છે કે રસ્તો ખાડામાં છે એ પ્રશ્નો જનતા ઉઠાવી રહી છે. આખા જિલ્લામાં મોટાપાયે ગેરકાયદેસર ખનન થઈ રહ્યુ છે. ભાજપના મળતીયાઓ સત્તાના આશીર્વાદથી કુદરતી સંપત્તિની ખુલ્લેઆમ લુંટ ચલાવી રહ્યા છે. નસવાડી તાલુકામાં હાઈડ્રોપ્રોજેકટના કારણે અને સ્થાનિકો અને આદિવાસી સમાજના લોકો વિસ્થાપિત થશે. સરકાર દ્વારા લોકોના ઘરોનો વિનાશ કરીને પ્રોજેકટના વિકાસની વાત કરવામાં આવી રહી છે. જેનો કોંગ્રેસ પાર્ટી વિરોધ કરે છે.

ડો.તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીની સરકારના રાજમાં આદિવાસી સમાજના લોકો સાથે ભારે અન્યાય થઈ રહ્યો છે. આદિ અનાદિ કાળથી આદિવાસી સમાજ જળ, જંગલ અને જમીનનુ રક્ષણ કરી રહ્યો છે, પરંતુ વર્તમાન ભાજપ સરકાર પોતાના સ્વાર્થ માટે આદિવાસી સમાજના હક્ક અને અધિકારો છીનવીને જંગલો ઉદ્યોગપતિઓને આપવા માંગે છે.

આ પ્રસંગે ડો. તુષાર ચૌધરી, સહપ્રભારી બી વી શ્રીનિવાસ, પૂર્વ વિપક્ષ નેતા સુખરામભાઈ રાઠવા, છોટા ઉદેપુર જિલ્લા પ્રમુખ શશીકાંત રાઠવા, પૂર્વ ધારાસભ્યો, વરીષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાયા હતા.

## બનાસકાંઠા જિલ્લાની પાલનપુર કોલેજમાં ભણતર બંધ પગાર ચાલુ: ૫ વરસમાં પ્રોફેસરોને ૫ કરોડ ચુકવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ટેકનીકલ શિક્ષણ વિભાગમાં ચાલતા અંધેર વહિવટનો એક ચોંકાવનારો કિસ્સો બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરમાં બનવા પામ્યો છે. પાલનપુરની સરકારી પોલીટેકનીક કોલેજમાં વર્ષ ૨૦૨૦ થી ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ (આઈસી) બ્રાન્ચમાં પ્રવેશ બંધ કરી દેવાયો છે, એટલે કે ટેકનીકલ રીતે આ કોર્સ બંધ છે. તેમ છતાં આ વિભાગના ૬ પ્રોફેસરો છેલ્લા સાડા પાંચ વરસથી ત્યાંજ ફરજ બજાવી રહ્યા છે અને સરકારી તીજોરીમાંથી તેમને ૫.૫ કરોડ રૂપીયાથી વધુનો પગાર ચુકવી દેવામાં આવ્યો છે.



આશ્ચર્યની વાત એ છે કે આ પ્રોફેસરો પાસે કોઈ શૈક્ષણિક કાર્યભાર નથી, આઈસી બ્રાન્ચમાં વિદ્યાર્થીઓ જ ન હોવાથી આ નિષ્ણાંત અધ્યાપકોને અત્યારે આઈટી કે સાયન્સ જેવા નોન ટેકનીકલ વિષયોનુ કામચલાઉ કામ સોંપવામાં આવ્યુ છે. આ ૬ અધ્યાપકો પૈકી કેટલાકનો માસિક પગાર ૨.૧૭ લાખ રૂપીયા સુધીનો છે. સરકારી આંકડા મુજબ વરસે ૧.૦૫ કરોડ રૂપીયા આ પ્રોફેસરો પાછળ ખર્ચાય છે. જેમના જ્ઞાનનો વિદ્યાર્થીઓને કોઈ લાભ મળી રહ્યો નથી. જયારે પાલનપુરમાં સ્ટાફ ફાજલ બેઠો છે, ત્યારે અમદાવાદ અને સુરતની સરકારી પોલીટેકનીકમાં શરૂ કરાયેલા ઓટોમેશન અને રોબોટીકસ વિભાગમાં અધ્યાપકોની ભારે અછત છે. આ બંને કોલેજોમાં આઈસી સંલગ્ન વિષયો ભણાવવા માટે નિષ્ણાંતોની જરૂર છે. પરંતુ પાલનપુરના આ ૬ અધ્યાપકોની બદલી ત્યાં કરવામાં આવતી નથી. અધ્યાપકો અને આચાર્યએ અનેકવાર લેખિતમાં બદલી કે ડેપ્યુટેશન માટે રજુઆત કરી હોવા છતાં સરકાર કોઈ નિર્ણય લઈ રહી નથી.

રાજયમાં ૨૦૨૨ માં ઈજનેરી બેઠકોનુ રીસ્ટ્રકચરીંગ કર્યા બાદ ઘણી કોલેજોમાં સ્ટાફની ભારે અછત સર્જાઈ છે. એકતરફ આઈટી અને કોમ્પ્યુટર જેવી બ્રાન્ચોમાં પ્રોફેસરોને વહિવટી કામગીરીમાં ડેપ્યુટેશન પર મુકવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે, તો બીજી તરફ પાલનપુર જેવી કોલેજોમાં કાર્યભાર વિના કરોડોનો પગાર ચુકવાઈ રહ્યો છે. આ કિસ્સો શિક્ષણ વિભાગની ઘોરબેદરકારી અને આયોજનના અભાવની ચાડી ખાય છે.

## જમાઈએ સાસરીમાં ઝઘડો કર્યો, વચ્ચે પડેલા સાળા પર ચાકુના ૩ ઘા માર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

લગ્ન બાદ કાગડાપીઠ વિસ્તારમાં સાસરીમાં રહેતી ૨૬ વર્ષની એક પરિણીતાને સાસુ સાથે ઘરકામની બાબતે માથાકૂટ થતા તે રિસાઈને બહેરામપુરા સ્થિત પોતાના પિયરમાં રહેવા જતી રહી હતી. બાદમાં પતિ કામ પરથી ઘરે પરત ફરતા સમગ્ર મામલાની જાણ થઈ હતી. આથી પતિએ સાસુને ફોન કરીને પત્ની ત્યાં આવી છે કે નહીં તે અંગે પૂછપરછ કરી હતી. જોકે સાસુએ અહીં નથી આવી એમ કહીને ખોટી માહિતી આપી હતી.આ પછી પતિએ જાતે સાસરીમાં જઈ તપાસ કરતાં તેની પત્ની ત્યાં હાજર હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે 'મારી સાથે ખોટું કેમ બોલો છો?' કહી પતિએ સાસુ તથા પત્ની સાથે ઝઘડો કર્યો હતો. આ દરમિયાન પરિણીતાનો ભાઈ જમાઈને સમજાવવા માટે વચ્ચે આવ્યો હતો.

### NIA ચીફના નામે ડરાવી ૨૪ કલાક ડિજિટલ એરેસ્ટ કર્યા હતા

# બેંક કર્મચારીઓ અને સાઈબર સેલની સતર્કતાથી વૃદ્ધાના ૨૭ લાખ બચ્યાં

### તમારા આધારકાર્ડથી ૫૦ કરોડ પાકિસ્તાન ટ્રાન્સફર કર્યા છે કહી ડરાવ્યા

અમદાવાદ

તાજેતરમાં સાબરમતી વિસ્તારમાં રહેતા એક વૃધ્ધાને ૧૮મી ડિસેમ્બરે અજાણ્યા નંબર પરથી ફોન કરીને દિલ્હી એટીએસના નામે ધમકાવવામાં આવ્યા હતા. જેમાં ભારતીય સેનાના ૨૧ સંવેદનશીલ ફોટો, ૧૭ સિનિયર ઓફિસરના આઈકાર્ડ, એટીકાર્ડ સહિતની સામગ્રી પંજાબથી પાકિસ્તાન મોકલી હોવાનુ કહ્યું હતુ જેમાં આશીફ ફોજી નામના વ્યકિતની ધરપકડ થતા તેમણે તમારુ નામ જણાવીને ડરાવ્યા હતા. એટલુ જ નહિ તમારા આધારકાર્ડના ઉપયોગથી બેંકમાં એકાઉન્ટ ખોલીને ૫૦ કરોડની રકમ ટ્રાન્સફર કરી હોવાનું કહયું હતુ. જો તમે આમાંથી બચવા માંગતા હોય તો તમારા બેંક એકાઉન્ટમાં રહેલી તમામ રકમ અને એફડી અમારી પાસે જમા કરાવાની રહેશે તેમ કહેતા વૃધ્ધા ડરી ગયા હતા. અને ૨૩મી ડિસેમ્બરે સાબરમતી વિસ્તારમાં આવેલી તેમની બેંક ઓફ બરોડાની શાખામાં તમામ રકમ અને એફડી ઉપાડવા પહોંચી ગયા હતા. તેમણે હાજર બેંક સ્ટાફને પોતાના ખાતામાં રહેલા તમામ ૨૭ લાખ રુપિયા ઉપાડવાની વાત કરતા બેંક કર્મીઓને શંકા જતા સાઈબર કાઈમ પોલીસ સ્ટેશનના અધિકારીઓનું તાત્કાલિક ધ્યાન દોર્યું હતું. જેથી સાઈબર સેલની એક ટીમ વૃધ્ધા પાસે પહોચી જઈને તમામ હકીકત મેળવતા આખી ઘટના ડીજીટલ એરેસ્ટની હોવાની સામે આવી હતી. સાઈબર સેલના અધિકારીઓએ વૃધ્ધાની મંજુરીથી તેમનો મોબાઈલ ચેક કરતા સામેથી પ્રદીપ લાલની વ્યકિતનો સતત ફોન આવતો હતો અને પોતે પોતાની જાતને એનઆઈએ ચીફ ગણાવતો હતો. બાદમાં સામે રહેલી વ્યકિતને પોલીસ મદદે આવી હોવાની જાણ થઈ જતા તેણે વ્હોટસઅપ કોલ કટ કરી દીધા હતા.

આમ બેંક કર્મચારીઓ અને સાઈબર સેલના અધિકારીઓની તાત્કાલિક કાર્યવાહીથી વૃધ્ધાના ૨૭ લાખની રકમ સાઈબર ગઠિયાઓના ખાતામાં જતી અટકી ગઈ હતી.

# ભાજપની નવી ટીમમાં ઉત્તર દક્ષિણ ગુજરાત કપાતા વિવાદઃ સાબરકાંઠા જિલ્લામાંથી તખતસિંહ હડીયોલ, પી સી પટેલ સહિતનાઓની કરાઈ બાદબાકી

પ્રતિનિધિ,ગાંધીનગર



ભાજપમાં ગુજરાત પ્રદેશ કારોબારીની નવી ટીમની રચના થઈ ગઈ છે. તેના પગલે લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે પ્રતિક્ષાનો પણ અંત આવ્યો છે. પણ આ નવી ટીમની રચના અને તેમાં થયેલી નવી નિમણુંકો નવા વિવાદોને પણ લઈને આવી છે. નવી પ્રદેશ સમિતિ માં ગુજરાતમાં સામાન્ય રીતે ગુજરાતના ૫ હિસ્સા સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય અને દક્ષિણ ગુજરાત વચ્ચે જે સંતુલન જોવા મળતુ હતું તે ખોરવાયુ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં મંત્રી મંડળમાં બાદબાકી બાદ હવે સંગઠનમાં પણ માત્ર એક જ નેતાને સંગઠનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સીનીયર નેતાઓમાં તખતસિંહ હડીયોલ અને પી સી પટેલની નવી ટીમમાં બાદબાકી કરાઈ છે.

ભાજપની અંદર જ ગણગણાટ છે કે તેની પ્રાદેશિક કારોબારીના ઈતિહાસમાં પહેલી જ વખત દક્ષિણ ગુજરાતમાંથી એકપણ મહામંત્રીને નિમવામાં આવ્યો ન હતો. તેના કારણે દક્ષિણ ગુજરાતના ભાજપના નેતાઓ હબક ખાઈ ગયા છે. તેઓ માથુ ખંજવાળવા લાગ્યા છે કે આ ટીમની સાથે શું થઈ રહ્યુ છે. પક્ષે આ પ્રકારનો નિર્ણય કેમ લીધો પણ તેઓ ભાજપની અવાચક કરી નાખતી સુપેરે જાણતા હોવાથી મોઢુ બંધ રાખ્યુ છે. પરંતુ ગણગણાટ જારી છે જો કે આ પ્રકારનો ગણગણાટ ફકત દક્ષિણ ગુજરાતમાં છે તેવુ નથી ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાજપમાં પણ થઈ રહ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના નેતાઓમાં આ નવી ટીમની રચનાને લઈને અસંતોષ છે. આ ઉપરાંત આ યાદીમાં કેટલાક વિવાદાસ્પદ નામ હોવાથી તેના કારણે પણ વિરોધ ઉઠયો છે. સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ તરીકે અજય બ્રહ્મભટની સામે સ્થાનિક કાર્યકરોમાં વિરોધનો વંટોળ ફુંકાયો હોવા છતાં પણ તેમને મહામંત્રી જેવો મહત્વનો હોદો સોંપવામાં આવતા ભાજપની અંદર બધાને આશ્ચર્ય થયુ છે. તેમને લાગી રહ્યુ છે કે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ખાસ્સી મહેનત કરનારા અને ભાજપને આગળ લઈ જનારા નેતાઓની અવગણના થઈ રહી છે.

આ ઉપરાંત પૂર્વ પ્રમુખ સીઆર પાટીલના કટ્ટર વિરોધી મનાતા ગણપત વસાવાને ભાજપમાં અનુસુચિત જનજાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ બનાવાયા છે, જયારે અગાઉ ટીકીટ કપાઈ હતી તે ઝંખનાબેન પટેલને ઉપપ્રમુખનો મહત્વનો હોદ્દો આપવામાં આવ્યો છે.

ભાજપની અંદર સામાન્ય રીતે એક વ્યકિત અને એક હોદ્દાનો શિરસ્તો છે. પરંતુ આ વખતે નવી ટીમની રચનામાં આ શિરસ્તો જાણે કોરાણે પાડી દેવાયો છે. પક્ષમાં પહેલે થી જ જવાબદારી છે તેવા ગણા લોકોને પ્રદેશ સમિતિમાં સ્થાન આપીને તેમને બીજા હોદ્દા આપવામાં આવ્યા છે. આના કારણે પક્ષમાં જ કેટલાયના ભવા ખેંચાયા છે, અહીં જે લોકો હોદ્દાની રાહ જોઈને બેઠા છે તેવા લોકોને કોઈ હોદ્દા મળ્યા નથી. જયારે કલ્પના ન હતી તેવા લોકોને હોદ્દા મળ્યા છે, આ સિવાય જવાબદારીઓ તેમને હતી તેવા લોકોને વિશેષ જવાબદારી મળી છે. આ આખી નવી રચના બતાવે છે કે પક્ષ હવે બધા જ વાઘા ધારણ કરી રહ્યો છે તે હવે કોઈ જુના શિરસ્તા કે નિયમોને જાળવવા માગતો નથી. એક વ્યકિત અને એક હોદ્દાના નિયમને પણ નવી પ્રદેશ સમિતિની રચના કરતી વખતે તિલાંજલી આપી દેવામાં આવી છે, આ ઘટના તેનો પુરાવો છે કે પક્ષ હવે નવા જ પ્રકારની વ્યવસ્થા તરફ આગળ ધપી રહ્યો છે.

આ પ્રકારની સમિતિ નિમીને પક્ષ જાણે એવો સંકેત આપવા માંગે છે કે જુના નેતાઓનો પ્રભાવ ઓછો થઈ રહ્યો છે.

આ સમિતિની ખાસીયત એ છે કે તેમાં આનંદીબેન પટેલ અને સી આર પાટીલ ના જુથનો સમ ખાવા પુરતો પણ નેતા નથી. બંનેના સમર્થકોનુ રાજકીય અસ્તિત્વ પણ જાણે શુન્ય બનાવી દેવામાં આવ્યુ હોય તેવી આ સ્થિતિ છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાજપમાં આનંદીબેન પટેલ અને સી આર પાટીલનુ રાજકારણ અહીં પુરૂ થયુ, હવે અહીં નવા જ પ્રકારના રાજકારણની વાત છે. તેવો સંકેત પક્ષે આપ્યો છે. પરંતુ તેના કારણે હાલમાં તો પક્ષમાં આંતરીક અસંતોષ વધ્યો છે. હવે આ આંતરીક અસંતોષને નિગમોમાં હોદ્દાની લ્હાણી કરીને પાર પાડવામાં આવે છે કે પછી નવી ટીમ મોટી કરવામાં આવે છે તેના પર બધા ગુજરાતીઓની નજર રહેશે.

# પાલનપુરથી પાટનગર ગાંધીનગર સુધીની આદિવાસી સમાજની ૧૩૧ કિ.મી.ની પદયાત્રા

### જાતિના દાખલા સહિતની માંગણીઓ મુદ્દે ગાંધીનગરમાં મુખ્યમંત્રીને કરશે રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ






બનાસકાંઠા જિલ્લાનો આદિવાસી સમાજ છેલ્લા ૩ વરસથી પોતાની વિવિધ માંગણીઓ, ખાસ કરીને જાતિના દાખલા સંબંધિત સમસ્યાઓના નિરાકરણ ન આવતા હવે આદિવાસી સમાજ રોડ રસ્તા પર ઉતર્યો છે. પોતાની સમસ્યાઓ તરફ સરકારનુ ધ્યાન દોરવા માટે આદિવાસી સમાજે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુરથી રાજયના પાટનગર ગાંધીનગર સુધીની ૧૩૧ કિ.મી.લાંબી પદયાત્રાનો પ્રારંભ કર્યો છે. આ યાત્રા મુખ્યમંત્રીને રજુઆત કરવા ગાંધીનગર પહોચશે, આદિવાસી સમાજની આ યાત્રામાં દાંતાના ધારાસભ્ય કાંતી ખરાડી સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો જોડાયા છે. યાત્રામાં જોડાયેલા રાજકીય આગેવાનો અને સામાજિક આગેવાનોનુ કહેવુ છે કે લાંબા સમયથી જાતિના દાખલા મેળવવામાં પડતી મુશ્કેલીઓ અને તેના કારણે યુવાનોના ભવિષ્ય પર પડી રહેલી અસર ચિંતાનજક છે. દાંતાના ધારાસભ્ય કાંતી ખરાડીએ જણાવ્યુ હતુ કે જિલ્લા કક્ષાએ અનેક રજુઆતો કરવા છતાં જાતિના દાખલાની સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. ભણેલા-ગણેલા આદિવાસી યુવાનો માત્ર જાતિના દાખલાના અભાવે નોકરીઓથી વંચિત રહી ગયા છે. સ્થાનિક સ્તરે સમસ્યાનો નિવેડો ન આવતા ના છુટકે ગાંધીનગર સુધી પગપાળા જવાની ફરજ પડી છે. આદિવાસી સમાજના અગ્રણી ઈશ્વરભાઈ ડામોરે આ મામલે જણાવ્યુ હતુ કે છેલ્લા ૩ થી ૪ વરસમાં જાતિના દાખલા મેળવવામાં થતી હેરાનગતિઓ દુર કરવા માટે સ્થાનિક અધિકારીઓ, પદાધિકારીઓ, મામલતદાર, કલેકટર, મંત્રીઓ, મુખ્યમંત્રી અને રાજયપાલ સુધી લેખિતમાં અનેક રજુઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી કોઈ સંતોષકારક નિરાકરણ આવ્યુ નથી. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ૩ વરસથી સખત મહેનત કરીને પરીક્ષા પાસ કરનારા યુવાનોના સરકારી નોકરીના ઓર્ડર જાતિ ખરાઈના બહાને જાણી જોઈને અટકાવી રાખવામાં આવ્યા છે. અધિકારીઓ વિદ્યાર્થીઓને નોકરી ન મળે તે હેતુથી નાની મોટી શાબ્દિક ભુલો કાઢીને તેમના દાખલાઓ રદ કરી રહ્યા છે. વારંવાર આવેદનપત્રો આપવા છતાં કોઈ ઉકેલ ન મળતા આજે સોમવારે સમગ્ર વિસ્તારના આગેવાનો અને યુવાનોએ સાથે મળીને આ પદયાત્રાનુ આયોજન કર્યુ છે. આદિવાસી સમાજની મુખ્ય માંગણીઓમાં ખેડુતો અને વિદ્યાર્થીઓને જાતિના દાખલા સહેલાઈથી અને સમયસર મળે, સરકારી નોકરી મેળવી ચુકેલા યુવાનોના અટકાવેલા ઓર્ડરો તાત્કાલીક આપવામાં આવે અને આ સમગ્ર સમસ્યાનુ વહેલીતકે નિરાકરણ લાવવામાં આવે તેનો સમાવેશ થાય છે. આ પદયાત્રા દ્વારા ગાંધીનગર પહોચીને આદિવાસી સમાજ પોતાની વેદના મુખ્યમંત્રી સમક્ષ રજુ કરી શકશે.

# ગુજરાત ભાજપની વિશ્વકર્મા ટીમ ની બેઠક યોજાઈ: મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી રહ્યા હાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં ભાજપની નવી ટીમ વિશ્વકર્મા ની રચનાના ૪૮ કલાકમાં જ આજે સોમવારે ગાંધીનગરમાં કમલમ ખાતે મળેલી બેઠકમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે નવી ટીમને આગામી સમયના પક્ષના કાર્યક્રમ અને તેઓને જે જવાબદારી સોંપાઈ છે તે અંગે માર્ગદર્શન આપ્યુ હતું અને તેની સાથે પુરી ટીમનો પણ પરીચય કરાવ્યો હતો.

આગામી સમયમાં સૌ સંકલનથી કામ કરશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ટીમ ભાજપ હવે એક તરફ આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો પડકાર છે, તો બીજી તરફ ૨૦૨૭ સુધી આ નવી ટીમ જવાબદારી સંભાળશે તેથી વિધાનસભા ચુંટણીનો તેઓને સામનો કરવાનો રહેશે અને પ્રદેશ સંગઠન માળખા બાદ હવે જિલ્લા અને મહાનગરમાં પણ નવી સંગઠન ટીમ રચવાની કામગીરી શરૂ થઈ છે અને તેમાં પણ નવી ટીમને જવાબદારી અપાશે. આજની બેઠકના પ્રથમ તબકકામાં નવી સંગઠન ટીમના પદાધિકારીને કમલમમાં આવનારની સાથે ખુદ પ્રદેશ પ્રમુખે તમામને મંચ પર બોલાવી મોઢુ મીઠુ કરાવ્યુ હતું અને જવાબદારીની શુભેચ્છા આપી હતી. તો બીજી તરફ બીજા તબકકાની બેઠકમાં પ્રદેશની જુની ટીમ અને નવી ટીમ બંનેની સંયુકત બેઠક અને તેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા અને નવી અને જુની ટીમ સંકલનથી કામગીરી કરશે તેવી શુભેચ્છા પણ આપવામાં આવી હતી. કમલમમાં લાંબા સમય પછી આ રીતે સંગઠનનો ધમધમાટ જોવા મળ્યો હતો અને હવે આગામી દિવસોમાં જિલ્લા અને મહાનગરોમાં પણ નવી ટીમ જવાબદારી સંભાળશે તેવુ પ્રદેશ પ્રમુખે કહ્યુ હતું.

# પાટણ જિલ્લા કોંગ્રેસમાં ભુકંપઃ કોંગ્રેસમાંથી ઘણા રાજીનામા પડે તો નવાઈ નહીઃ પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પાર્ટીને આપી ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




પાટણમાં આજે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો, પાટણ જિલ્લા કોંગ્રેસમાં ભુકંપ સર્જાયો છે. જયાં કોંગ્રેસના કાર્યકરોએ તાળા બંધી કરી વિરોધ નોંધાવ્યો હતો. અનુસુચિત જાતિના કોંગ્રેસ કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેના કારણે આ તીવ્ર પગલુ લેવામાં આવ્યુ હતું. કાર્યકરોએ કોંગ્રેસના કેટલાક નેતાઓ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા અને પક્ષની અંદર પોતાની અવગણના થતી હોવાનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસ અનુસુચિત જાતિના જિલ્લા અધ્યક્ષ મામલે આક્રોશનુ મુખ્ય કારણ અનુસુચિત જાતિના જિલ્લા અધ્યક્ષને પુનઃ નિમણુંક ન કરવામાં આવવાનુ હોવાનુ બહાર આવ્યુ છે. અનુસુચિત જાતિના કાર્યકરોનુ કહેવુ છે કે તેમણે આ મુદ્દે અગાઉ કોંગ્રેસના ઉચ્ચ પદાધિકારીઓ સમક્ષ લેખિત અને મૌખિક રીતે રજુઆત કરી હતી , પરંતુ તેમની રજુઆતને ગંભીરતાથી લેવામાં આવી નથી, કોંગ્રેસના નેતાઓએ તેમની વાત ન સાંભળી હોવાનો આક્ષેપ કાર્યકરોએ કર્યો હતો. પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલનો કાર્યકરોને ટેકો, આજે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે અનુસુચિત જાતિના કાર્યકરો દ્વારા ખાસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જો કે આ કાર્યક્રમમાં કોંગ્રેસના કોઈપણ મોટા નેતા કે આગેવાન હાજર ન રહેતા કાર્યકરોમાં વધુ રોષ ફાટી નિકળ્યો હતો. પોતાનો અવાજ અવગણાયો હોવાનુ અનુભવી રોષે ભરાયેલા કાર્યકરો દ્વારા જિલ્લા કોંગ્રેસ કાર્યાલયને તાળાબંધી કરવામાં આવી હતી. આ વિરોધ દરમિયાન અનુસુચિત જાતિના આગેવાનો અને કાર્યકરોએ કોંગ્રેસના ઉચ્ચ પદાધિકારીઓ સામે કડક શબ્દોમાં પ્રહાર કર્યા હતા. આ સાથે પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલે પણ અનુસુચિત જાતિ સમાજના કાર્યકરોને સમર્થન આપ્યુ હતું. અને તેમના પ્રશ્નોને ન્યાય સંગત ગણાવ્યા હતા, કોંગ્રેસમાંથી ઘણા રાજીનામા પડે તો નવાઈ નહી, કિરીટ પટેલે કહ્યુ હતુ કે મારા કે જિલ્લા પ્રમુખોના સેન્સ લીધા વિના જ નિમણુંક કરવામાં આવી છે, ત્યારે આજે જિલ્લા અનુસુચિત જાતિના કોંગ્રેસ કાર્યકરોમાં રોષ જોવા મળ્યો છે જેના કારણે કોંગ્રેસમાંથી ઘણા રાજીનામા પડે તો નવાઈ નહી. જરૂર પડશે તો હું વિધાનસભાના દંડક પદેથી પણ રાજીનામુ આપી દઈશ,

# રાજય સભાની ૪ બેઠકો જુનમાં ખાલી થશેઃ રાજકોટ નેતાને તક મળશે?

### જુન માં શકિતસિંહ ગોહિલની ટર્મ પુરી થતા ગુજરાતના ઈતિહાસમાં પહેલી જ વખત કોંગ્રેસનુ પ્રતિનિધિત્વ રાજયસભામાં નહી રહે

પ્રતિનિધિ,ગાંધીનગર



સૌરાષ્ટ્રનુ પાટનગર ગણાતુ રાજકોટ આજે ઓટોમોબાઈલ, શિક્ષણ, વેપાર ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રે આગળ વધી રહ્યુ છે, પરંતુ રાજય અને કેન્દ્રમાં રહેલ સત્તાધારી પક્ષ ભાજપ માટે રાજકોટ હવે પ્રાયોરીટી નથી તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. ૫૦ વરસમાં પ્રથમ વખત એવુ બન્યુ હશે જયારે એકપણ નેતાને રાજય સરકારના મંત્રી મંડળમાં સ્થાન નથી, તો પ્રદેશ ભાજપ સંગઠનમાં મહત્વની જવાબદારી પણ નથી મળી,

રાજકોટના નેતાઓની આંતરીક લડાઈ કે પછી હાઈકમાન્ડની અવગણના, પરંતુ રાજકોટ શહેરના નેતાઓને કયાંય સ્થાન અપાયુ નથી તે વાસ્તવિકતા છે, રાજકોટ માટે આજે એવો દિવસ આવ્યો છે જયારે અહીંના ધારાસભ્યો કે નેતાઓને રાજકોટના મુળભુત પ્રશ્નો માટે અન્ય મંત્રી કે નેતાને ભલામણ કરવી પડે, હવે માત્ર જુન માં ખાલી થઈ રહેલી રાજયસભાની ૪ બેઠકો પર નજર હોઈ શકે, જયારે રાજકોટમાંથી કોઈપણ એક નેતાને તક મળી શકે, ૨૧ જુન ૨૦૨૬ ના રોજ ભાજપના ૩ અને કોંગ્રેસના ૧ સાંસદની ટર્મ પુરી થાય છે, જેમાં રામભાઈ મોકરીયા, રમીલાબેન બારા, નરહરી અમીન અને શકિતસિંહ ગોહિલની રાજયસભામાં સભ્ય તરીકે ટર્મ પુરી થાય છે. ત્યારબાદ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી એક માત્ર વાંકાનેરના રાજવી કેશરીદેવસિંહ ઝાલા જ રહેશે. ૧.૫ કરોડની વસ્તી ધરાવતુ સૌરાષ્ટ્રમાંથી વધુ પ્રતિનિધિત્વની આશા છે ત્યારે તેમાંથી એક રાજકોટના નેતાને પણ તક મળે તેવુ મનાઈ રહ્યુ છે. ૨૦૨૦ માં રાજકોટ થી સીનીયર એડવોકેટ અભયભાઈ ભારદ્વાજ ને રાજયસભાના સભ્ય બનાવ્યા હતા. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ કે તેઓને કોરોના થતા ૨ ડીસેમ્બર ના રોજ અવસાન પામ્યા અને તેથી ત્યારબાદ ઉદ્યોગપતિ રામ મોકરીયા સાંસદ બન્યા હતા. હવે ૪ બેઠકો ખાલી થતા રાજકોટને તક મળશે તેવી પુરી શકયતા છે.

ગુજરાતમાં રાજયસભાની ૧૧ બેઠકો છે અને રાજયના ઈતિહાસમાં પહેલી વખત એવુ બનશે જયારે હવે કોંગ્રેસના કોઈ નેતા રાજયમાંથી રાજયસભામાં નહી બેસે, આ ઉપરાંત જુન માં સૌરાષ્ટ્રના એક માત્ર સાંસદ રહેશે ત્યારે ખાલી થઈ રહેલી ૪ બેઠકમાંથી ઓછામાં ઓછી ૨ સૌરાષ્ટ્રને મળે તેવી સંભાવના છે. જેથી ગુજરાતના અન્ય ઝોન સાથે સૌરાષ્ટ્રને સમકક્ષ રાખી શકાય.

# એરપોર્ટ પોલીસે ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક શખ્સ ઝડપ્યોઃ પોલીસે ગુનો નોંધ્યો

### પોલીસે ફિરકી દીઠ ૨૫૦ લેખે કુલ રૂપિયા ૫,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી પરેશભાઈની ધરપકડ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

શહેરમાં આગામી ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગ પર કડક મનાઈ ફરમાવવામાં આવી છે. તેમ છતાં, કેટલાક તત્ત્વો છૂપી રીતે આ ઘાતક દોરીનું વેચાણ કરી રહ્યા છે. શનિવારે મોડી રાત્રે એરપોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સરદારનગર વિસ્તારમાં આવેલી જીવનદીપ હોસ્પિટલ પાસે વોચ ગોઠવી એક શખ્સને ૨૦ નંગ ચાઈનીઝ ફિરકી સાથે ઝડપી પાડ્યો છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને તેમની ટીમ આગામી ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને ચાઈનીઝ દોરી અને કાચ પાયેલી જોખમી દોરીનું વેચાણ કરતા ઈસમો પર નજર રાખવા પેટ્રોલિંગમાં હતી. દરમિયાન રાત્રિના આશરે ૧૦ વાગ્યાના સુમારે ઈન્દિરા બ્રિજ સર્કલ પાસે પોલીસને બાતમી મળી હતી કે, એક શખ્સ કેસરી ચેક્સ વાળો શર્ટ અને બ્લુ જીન્સ પહેરીને થેલામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો લઈ જીવનદીપ હોસ્પિટલ પાસેથી પસાર થવાનો છે.

બાતમી મળતા જ પોલીસે હોસ્પિટલ નજીક વોચ ગોઠવી હતી. થોડી જ વારમાં બાતમી મુજબના વર્ણન વાળો એક યુવક થેલો લઈને પસાર થતા પોલીસે તેને કોર્ડન કરી રોકી લીધો હતો. પૂછપરછ દરમિયાન તેનું નામ પરેશભાઈ ભરતભાઈ રાઠોડ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે પંચોની હાજરીમાં તેના થેલાની તપાસ કરતા તેમાંથીચાઈનીઝ દોરીની ૨૦ નંગ ફિરકી મળી આવી હતી. પોલીસે ફિરકી દીઠ ૨૫૦ લેખે કુલ રૂપિયા ૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે પરેશભાઈની ધરપકડ કરી છે.

# અંબાજી પુજા અધિકાર મુદ્દે હાઈકોર્ટના હુકમ સામે ભારે આક્રોશઃ રાજવી પરીવારના સમર્થનમાં આજે દાંતા સજજડ બંધ પળાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અંબાજી મંદિરની પુજાના અધિકાર મુદ્દે હાઈકોર્ટના ચુકાદા બાદ દાંતા માં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

દાંતા રાજવી પરીવારના સમર્થનમાં આજે આખુ શહેર સ્વયંભુ બંધ રહ્યુ હતુ, છેલ્લા ૧૧૦૦ વરસોથી રાજવી પરીવાર અંબાજી મંદિરમાં પુજા કરતો આવ્યો છે. ખાસ કરીને આસો નવરાત્રીની આઠમે હવન અને પુજા કરવાની પરંપરા અતુટ તુટી રહી છે, હાઈકોર્ટના તાજેતરના ચુકાદાથી નારાજ રાજવી પરીવાર અને સર્વ સમાજના લોકો આજે સોમવારે વિશાળ રેલી યોજી આવેદનપત્ર પાઠવ્યુ હતુ, દાંતા ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા અને પરંપરા જાળવી રાખવાની માંગ કરી રહ્યા હતા.

રાજવી પરીવારનો હક્ક છીનવી લેતા હુકમ સામે દાંતા માં આજે સોમવારે દાંતાના બજારો સ્વયંભુ બંધ રહ્યા હતા અને આઝાદ ચોકથી મામલતદાર કચેરી સુધી વિશાળ રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં કરણીસેના સહિત સમસ્ત સનાતની હિન્દુ સમાજ અને ખાસ કરીને મુસ્લીમ સમુદાયના લોકો પણ મોટી સંખ્યામાં જોડાતા કોમી એકતાના દર્શન જોવા મળ્યા હતા, લોકોમાં ભારે રોષ છે કે સદીઓ જુની આસ્થા સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે, રાજવી પરીવાર અને સર્વ સમાજના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી પુજાનો અધિકાર પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી હતી.